# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-10-2024** **EVENING : 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1) **સરકારી અને ખાનગી શાળાઓએ પ્રવાસે જતા પહેલા જિલ્લા શિક્ષણાધિકારીને જાણ કરવી પડશે – શિક્ષણ વિભાગની નવી માર્ગદર્શિકા**
2) ગાંધીનગરમાં આવતીકાલથી ત્રણ દિવસ દરમિયાન 17મી અર્બન મૉબિલિટી ઇન્ડિયા પરિષદ અને પ્રદર્શન યોજાશે.
3) ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી યોજનાઓના લાભ અંગે માહિતી મેળવવા ગાંધીનગરમાં ગ્રામ વિકાસ અહેવાલ અને સમીક્ષા કૉલ સેન્ટરનો પ્રારંભ.
4) રાજ્યમાં આગામી ચાર દિવસ મહત્તમ તાપમાનમાં વધારો થવાની હવામાન વિભાગની આગાહી
5) અમદાવાદમાં રમાઈ રહેલી ભારત અને ન્યૂઝિલેન્ડ મહિલા ક્રિકેટની વન-ડે મેચમાં ભારતે 228 રનનો લક્ષ્યાંક આપ્યો.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# REV GOVT SOP FOR SCHOOL

રાજ્યની સરકારી અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓને પ્રવાસ લઈ જતા પહેલા શાળાઓએ જિલ્લા શિક્ષણાધિકારીને જાણ કરવી પડશે. ઉપરાંત પ્રવાસની તારીખના 15 દિવસ પહેલા પ્રવાસ અંગેની જાણ સંબંધિત પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી – R.T.O અને સ્થાનિક પોલીસ મથકને કરવી પડશે. શાળામાં સાંસ્કૃતિક, ધાર્મિક, ઐતિહાસિક, વિકસિત સ્થળોએ પ્રવાસનું આયોજન કરવા શિક્ષણ વિભાગે માર્ગદર્શક સૂચનો જાહેર કર્યા છે.

આ સૂચનો અનુસાર, શાળાઓએ પ્રવાસના પ્રતિદિન કાર્યક્રમ અંગેની જાણ કરવી પડશે. તેમજ એક જવાબદાર અને અનુભવી વ્યક્તિની પ્રવાસના "કન્વીનર" તરીકે નિમણૂક કરવા અને આયોજન મુજબ જ મુસાફરી થાય તે સુનિશ્ચિત કરવું પડશે. ઉપરાંત પ્રવાસ દરમિયાન પ્રથમ સારવાર કિટ સાથે રાખવી અને ઋતુ પ્રમાણે પ્રવાસના સ્થળની પસંદગી કરવી પડશે. જ્યારે પ્રવાસ દરમિયાન જળાશયોમાં બૉટિંગ કે રાઈડિંગ બને ત્યાં સુધી ટાળવાની પણ સલાહ આપવામાં આવી છે.

---------------------------------------------------------------------

- *(પીટીસી – ગાંધીનગર – પ્રવેશ)*

-(NAVIN)

# GANDHINAGAR URBAN MOBILITY CONFERENCE

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આવતીકાલથી ત્રણ દિવસ દરમિયાન 17મી અર્બન મૉબિલિટી ઇન્ડિયા પરિષદ અને પ્રદર્શન યોજાશે. કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા યોજાનારી આ પરિષદનું ઉદ્ઘાટન આવતીકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરશે. કેન્દ્ર તેમજ રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારી શહેરી પરિવહનના નિષ્ણાતો સહિત ત્રણ હજારથી વધુ મહાનુભાવો આ પરિષદમાં ભાગ લેશે.

આ અંગે ગાંધીનગરમાં પત્રકારોને માહિતી આપતા કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના સંયુક્ત સચિવ જયદીપે જણાવ્યું કે, શહેરી પરિવહન માળખામાં સમાન ધારાધોરણો, શહેરી પરિવહનના વિવિધ માધ્યમોના એકત્રીકરણ જેવા વિષયો પર આ પરિષદમાં વિચાર વિમર્શ કરાશે. **દરમિયાન “બેસ્ટ પ્રેક્ટિસીઝ પ્રૉજેક્ટ ઇન અર્બન ટ્રાન્સપોર્ટ” માટે નવ શ્રેણીમાં પુરસ્કાર અપાશે.**

(બાઈટ સંયુક્ત સચિવ જયદીપ)

આ પરિષદના સમાપન સત્રમાં આવાસ અને શહેરી બાબતોના કેન્દ્રીય મંત્રી મનોહરલાલ ઉપસ્થિત રહેશે. સત્રમાં આઠ વિવિધ શ્રેણીઓમાં શ્રેષ્ઠ શહેરી વ્યવસ્થાપન માટે વિવિધ શહેરને પુરસ્કાર એનાયત કરાશે.

---------------------------------------------------------------------

- *(અપર્ણા ખુંટ – પ્રવેશ અડિએચા)*

-(NAVIN)

# SWAGAT PROGRAMME

રાજ્યના નાગરિકોના પડતર પ્રશ્નના નિકાલ માટે આજે વિવિધ જિલ્લામાં સ્વાગત કાર્યક્રમ યોજાયો.

જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજૂ થયેલા 21 પ્રશ્નમાંથી 19 પ્રશ્નના હકારાત્મક ઉકેલ લાવવામાં આવ્યા છે જ્યારે 2 પ્રશ્ન પડતર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ત્યાંનાં સ્થાનિકના પ્રશ્નનું સુખદ સમાધાન થતાં તેઓએ સરકારનો આભાર માન્યો હતો. ઉપરાંત કોઈ મોટી દુર્ઘટના કે જાનહાનિ ના સર્જાય, તે ધ્યાને આવતા એક જાગૃત નાગરિકની ફરિયાદના આધારે તપાસ કરી રહેણાંક મકાનમાં ચાલતું ગેરકાયદે ગોદામ બંધ કરાવાયું.

આ સાથે જ દાહોદમાં જિલ્લામાં પણ સ્વાગત કાર્યક્રમ યોજાયો.જેમાં આશરે 10 જેટલી અરજી આવી હતી.ત્યારે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સ્થળ તપાસ કરી જરૂરી આ અંગે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

સુરેન્દ્રનગર જિલ્લાના જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં જેમાં લેન્ડ ગ્રેબિંગ, સ્વચ્છતા, જમીન માપણી જેવા જુદા જુદા ૧૩ પ્રશ્નોમાં હકારાત્મક નિરાકરણ કરાયું હતું.

---

- પીટીસી ગાંધીનગર , માહિતી ખાતું , સુરેન્દ્રનગર / યશવી -(NAVIN)

# GANDHINAGAR JOB FAIR AND ALUMNI MEET

રાજ્યના ગ્રામવિકાસ મંત્રી રાઘવજી પટેલના હસ્તે ગાંધીનગરમાં 450 લાભાર્થીઓને રોજગારી માટેના નિમણૂકપત્ર એનાયત કરાયા હતા. ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડ – GLPC ગ્રામવિકાસ વિભાગ દ્વારા યોજાયેલા "જોબ મેળા અને એલ્યુમની મીટ" કાર્યક્રમમાં 15 જેટલી કંપનીના પ્રતિનિધિઓએ યુવાનોના ઈન્ટરવ્યૂ લીધા હતા.

આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકારના ગ્રામ વિકાસ વિભાગ દ્વારા વિવિધ કંપનીઓનો સામેથી સંપર્ક કરીને જોબ મેળાનું આયોજન કરાય છે.

## (બાઈટ – રાઘવજી પટેલ, કૃષિમંત્રી)

ગ્રામ વિકાસ વિભાગનાં સચિવ મનીષા ચંદ્રાએ જણાવ્યું કે, રાજ્યના તમામ જિલ્લામાં દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના હેઠળ અત્યાર સુધીમાં 30 હજારથી વધુ લાભાર્થીઓને તાલીમ અપાઈ છે. ઉપરાંત 23 હજારથી વધુ લાભાર્થીઓને રોજગારી તથા એક હજાર 400 જેટલા લાભાર્થીઓને કૌશલ્ય વર્ધન તાલીમ અપાઈ છે.

---

- (પીટીસી – ગાંધીનગર – પ્રવેશ)

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# SC VIKSIT BHARAT 2047

'આદિવાસી સમુદાયના લોકોના જીવન પરિવર્તનમાં ફેરફાર લાવી તેમને આત્મનિર્ભર બનાવવામાં આવશે.' વિકસિત ભારત એટ 2047ના ભાગરૂપે ઈન્ટરનેશનલ ઑટો-મૉબાઈલ સેન્ટર ઑફ એક્સલેન્સ ગાંધીનગરમાં આદિજાતિ વિકાસ વિભાગની ચિંતન શિબિરનો શુભારંભ કરાવતા આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે આમ જણાવ્યું હતું.

શ્રી ડિંડોરે ઉમેર્યું કે, શિબિરમાં નવા વિચાર, સંકલ્પ અને નવી ઊર્જા સાથે આપણે આદિજાતિ વિકાસના ઉત્થાન માટે કાર્ય કરવાનું છે. શિબિરમાં ભાગ લેતા અધિકારીઓએ આદિવાસી નાગરિકોનું જીવનધોરણ ઊંચું લાવવાની દિશામાં કામ કરી આયોજન કરવા શ્રી ડિંડોરે આહ્વાન કર્યું હતું.

આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજી હળપતિએ કહ્યું કે, અન્ય રાજ્યો પણ ગુજરાતમાંથી પ્રેરણા લઈ પોતાના રાજ્યમાં કરે એવું કામ આદિજાતિ વિકાસ વિભાગે કરવાનું છે.

-----------------------------------------------------------------------

- *(માહિતી ખાતા ગાંધીનગર – પ્રવેશ અડિએચા.)*

-(NAVIN)

# GANDHINAGAR RURAL CALL CENTER

રાજ્યના ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ વધુ મજબૂત બને તે હેતુથી ગાંધીનગરમાં આજે “ગ્રામ વિકાસ અહેવાલ અને સમીક્ષા” કૉલ સેન્ટરનો શુભારંભ થયો છે. આ સેન્ટરનો પ્રારંભ કરાવતા ગ્રામવિકાસ મંત્રી રાઘવજી પટેલે કહ્યું કે, ‘ગ્રામ વિકાસ વિભાગ હેઠળની પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરન્ટી અધિનિયમ – મનરેગા અને સ્વચ્છ ભારત અભિયાન જેવી મુખ્ય યોજનાઓની પારદર્શકતા અને કાર્યક્ષમતામાં સુધારો લાવવાના મુખ્ય હેતુ સાથે આ કોલ સેન્ટર કાર્યરત્ કરાયું છે.’

આ કૉલ સેન્ટર દરરોજ અંદાજે પંદર સોથી વધુ કૉલ્સ સંભાળશે અને નાગરિકો પાસેથી મૂલ્યવાન પ્રતિસાદ એકત્ર કરશે. સાથે જ, વિવિધ યોજનાઓના લાભ યોગ્ય લાભાર્થી સુધી પહોંચ્યા કે કેમ તે સુનિશ્ચિત કરવા સતત મોનીટરીંગ કરશે.

------------------------------------------------------------------------

- *(માહિતી ખાતા ગાંધીનગર – પ્રવેશ અડિએચા)*

-(NAVIN)

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી ચાર દિવસ મહત્તમ તાપમાનમાં વધારો થવાની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગના નિદેશક એ. કે. દાસ જણાવે છે કે, રાજ્યમાં હાલમાં ઉત્તર-પૂર્વ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા હોવાથી તાપમાનમાં વધારો નોંધાયો છે. આગામી ચાર દિવસ પણ આ જ સ્થિતિ યથાવત્ રહેતા કોઈ મોટો ફેરફાર નોંધાશે નહીં.

શ્રી દાસે ઉમેર્યું કે, હાલમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં 13થી 14 ડિગ્રી સેલ્સિયસનો તફાવત રહેતા દિવસ દરમિયાન અત્યંત ગરમી અને સાંજ બાદ થોડાક અંશે ઠંડકનો અહેસાસ થાય છે. આગામી નવેમ્બર મહિનાથી લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થવાથી શિયાળાનો પ્રારંભ થશે.

---

- ***(DESK – PRAVESH ADIACHA)***

-(NAVIN)

# AHD INDIA NEW ZEALAND ONE DAY

ભારત અને ન્યૂ ઝિલેન્ડ મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે રમાઈ રહેલી વન-ડે મેચમાં ભારતે ન્યૂ ઝિલેન્ડને જીતવા માટે 228 રનનો લક્ષ્યાંક આપ્યો છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આ વન-ડે શ્રેણીનો પ્રારંભ થયો છે. હાલમાં મળતા અહેવાલ અનુસાર, ન્યૂ ઝિલેન્ડની ટીમે 24 ઓવરમાં 4 વિકેટ ગુમાવી 98 રન બનાવ્યા છે.

ન્યૂ ઝિલેન્ડનાં લૉરેન ડાઉન 26, જ્યોર્જિયા પ્લિમર 25 અને સૂઝિ બેટ્સ એક રન બનાવીને આઉટ થઈ ગયાં હતાં. જ્યારે સુકાની સોફી ડેવિન માત્ર 2 રન બનાવીને રન-આઉટ થયાં હતાં. ભારત તરફથી સૈમા ઠાકોર, દીપ્તિ શર્મા અને રાધા યાદવે એક-એક વિકેટ ઝડપી છે.

આ પહેલા ભારત તરફથી સૌથી વધારે 42 રન તેજલ હસબ્નિસે બનાવ્યાં હતાં. જ્યારે દિપ્તી શર્માએ 41, યસ્તિકા ભાટિયાએ 37, જેમિમાહ રોડ્રિગ્યૂસે 35 અને શેફાલી વર્માએ 33 રન બનાવ્યા હતા.

---------------------------------------------------------------------

- (ડેસ્ક – પ્રવેશ)
- -(NAVIN)

# FATAFAT NEWS

હવે રાજ્યના અન્ય કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં...

- મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના દેદાવાડા ગામ ખાતે સેવસેતુ કાર્યક્રમ યોજાયો હતો.ત્યારે જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા નાગરિકોને મહત્તમ આ કેમ્પનો લાભ લેવા અનુરોધ કરાયો.
- દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે શહેરી વિભાગનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લોકોના કામ સ્થળ પર જ થઈ શકે તે પ્રકારે વ્યવસ્થા કરવામાં આવી.
- પાટણ ખાતે આજે પત્રકારો માટે આરોગ્ય ચકાસણી અંગે શિબીર યોજાઈ જિલ્લા માહિતી કચેરી અને રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કેમ્પમાં પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારોએ જુદા જુદા ટેસ્ટ કરાવ્યા હતા.
- ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા ચોરી થયેલ મોટર સાઇકલ સાથે એક ઇસમની અટક કરવામાં આવી.
- નવસારી જિલ્લાના ગણદેવી નગરપાલિકા વિસ્તારમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૪૨ લાખ ૪૩ હજાર રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા વોક-વેનું આવતી કાલે લોકાર્પણ કરાશે.
- મહેસાણા ખાતે ફિટ ઈન્ડિયા ફિટ મીડિયા અંતર્ગત પત્રકારોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. જેમાં જરૂરી વિવિધ બ્લડ ટેસ્ટ , એક્સ રે અને ઈ. સી. જી સહિતના રિપોર્ટ પણ કરવામાં આવ્યા હતા.